Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Dec. 2021, Year - 8 (104)
www.researchreviewonline.com Paper ID: RRJ605826

# Impact of gene on behavior

By
Dr.Mohmedhafiz A. Kathiyara
H.O.D - Department of Psychology
Shri. S. K. Shah & Shri Krishna O. M. Arts College, Modasa

---

જીન્સ એન્જિનિયરિંગના શેત્રે પ્રાણીઓ તથા મનુષ્યના જીન્સ ની બાબતમાં સંશોધકો દિવસ રાત સંશોધન ચલાવી રહ્યા છે અને મનુષ્યના રંગસૂત્રો માં છુપાયેલા વારસાના વાહકો જેને આપણે જનીન લક્ષણો તરીકે ઓળખીશું. તેના પર સંશોધન યુરોપ સહિત અમેરિકાના જીવવિજ્ઞાનીઓ જીન્સ ઉપર સંશોધન પ્રયોગશાળામાં ચલાવી રહ્યા છે માનવીનું સમગ્ર શરીર એક જૈવિક રાસાયણિક પ્રક્રિયા પર નિર્ભર છે ખાસ કરીને સસ્તન પ્રાણીઓના મૈથુન દ્વારા સ્ત્રી બીજ અને શુક્રાણુના બનેલા ફલિત અંડ થી ગર્ભાશયમાં બીજારોપણ થયા પછી ત્યારબાદ ગર્ભના વિકાસના તબક્કાઓમાંથી પસાર થયા પછી પૃથ્વી પર અવતરણ કરે છે મનુષ્યની બાબતમાં ગર્ભવસ્થા શિશુ નો તો ગર્ભધારણ પછીનો સમયગાળો 280 દિવસનો છે દરેક પ્રાણીઓમાં ગર્ભધારણ પછી ગર્ભના વિકાસ નો સમય તેની આનુવંશિક નિયત સમય પ્રમાણે નો હોય છે. તાજેતરમાં અમેરિકાની નેશનલ કેન્સર ઇન્સ્ટિટ્યૂટના gene structure અને રેગ્યુલેશન યુનિટના ડાયરેક્ટર દ્વારા કરવામાં આવેલ સંશોધનના તારણો જણાવે છે કે મનુષ્યના શરીરમાં વી .એમ.એટી.-2 ની હાજરી હોય છે. ખાલી હાજરીથી ખ્યાલ આવી જાય છે કે અમુક મનુષ્ય અન્ય મનુષ્ય કરતાં શા માટે વધારે આધ્યાત્મિક ઝોક ધરાવે છે તેમનો આ સંશોધન ડી. એન. એ ના 2000 સેમ્પલોના અભ્યાસ અને સ્વયંસેવકો સાથે ની મુલાકાતોને આધારે કરવામાં આવેલું છે મુલાકાતીઓને આધ્યાત્મિક બાબતોમાં કેટલો રસ પડે છે તે જાણવાનો આ પ્રશ્નોત્તરીનો હેતુ હતો. સંશોધન કરનાર સંશોધક



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-104-december-2021/RRJ605826

નું માનવું છે કે જે કોઈ વ્યક્તિ કોઈ ઉચ્ચ પરમ સત્તા કે ઈશ્વરમાં માનવાની જેટલી વધુ સમતા ધરાવતી હોય તેટલી તેના શરીરમાં વી .એમ.એટી.-2 જનીન મળી આવવાની પણ શક્યતા વધુ હોય છે સંશોધન પરથી એવો પણ તારણ આવ્યો છે કે વ્યક્તિ ગમે તેવા ધાર્મિક કે શ્રદ્ધા સંપન વાતાવરણમાં ઉછરી હોય તોપણ તેવી માન્યતા પર કોઈ અસર થતી નથી ભગવાન બુદ્ધ મહાવીર ઈસુ ખ્રિસ્ત તથા પયગંબર સાહેબ પણ તેમના જીવનકાળમાં રહસ્યમય અનુભૂતિ ઓ તથા દૈવીવાણી પ્રેરણા ઓ પ્રાપ્ત થઈ હતી અને તેઓ ચેતનાની વિવિધ આ અવસ્થામાંથી પસાર થયા હતા આ સંશોધન એવું દર્શાવે છે કે તેઓમાં કુદરતી જીન્સ એટલે કે વી .એમ.એટી.-2 હાજર હોવું જોઈએ આમ હવે જેનેટિક ક્ષેત્રે થયેલા સંશોધનોને આધારે અત્યાર સુધી અલૌકિક મનાતું હતું તે હવે લૌકિક બનવા માંડ્યું છે જેનેટિક વિજ્ઞાન માનવજાતના સંપાદિત લક્ષણોને પણ વારસાગત આધાર રહેલો છે એવું તેવું આ સંશોધન સૂચવે છે વ્યક્તિના સંપાદિત લક્ષણોને જેનેટિક શેત્રે કરવામાં આવતા સંશોધનો ને લીધે હવે આનુવંશિકતા અને વાતાવરણના પ્રભાવને લીધે વ્યક્તિત્વ ને લગતા ઓલપોર્ટ અને અન્ય મનોવૈજ્ઞાનિકોએ વ્યક્તિમાં રહેલા ગુણ લક્ષણો સંબંધિત જે સિદ્ધાંતો આપ્યા છે પેલા પણ હવે મનોવિજ્ઞાન ના અભ્યાસ શેત્રે આવા સંશોધનો થવા જોઈએ જેમાં જનીન લક્ષણો નો ઉડાણપૂર્વક નો અભ્યાસ જનીન લક્ષણોનું માળખું જનીનમાં ચાલુ રહેતી ડી.એન. એ અને આર.એન. એ નું જૈવિક રાસાયણિક બંધારણ વગેરે ઉપર પણ મનોવિજ્ઞાન માં સંશોધનો વધારે પ્રમાણમાં થવા જોઈએ મનોવિજ્ઞાનના અભ્યાસમાં માનવ વર્તન નો અભ્યાસ કરવામાં આવે છે જૈન સંબંધી સંશોધન માનવ વર્તન ને સમજવામાં ખરેખર વૈજ્ઞાનિક રીતે ઉપયોગી માહિતી પૂરી પાડી



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-104-december-2021/RRJ605826

ISSN: 2321- 4708
Dec. 2021, Year - 8 (104)
Paper ID: RRJ605826

રહ્યા છે. હજુ પણ આ ક્ષેત્રે વધુ નિયંત્રિત પરિસ્થિતિઓમાં સંશોધન થવા જોઈએ જેથી વધારે ને વધારે યથાર્થ પરિણામ પ્રાપ્ત થઈ શકે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-8-issue-104-december-2021/RRJ605826